જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૯/૨૦૧૮ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૬૯૫/૧૮**

### ચોરીની મો.સા. સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં વાહનચોરી અટકાવવા સારુ તેમજ વાહચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પો.સ.ઇ શ્રી આઇ.એસ.રબારી, શ્રી એસ.બી.દેસાઇ, તથા સ્ટાફ્નાં માણસોને મળેલ બાતમી હકિકત આધારે આરોપી મહેશજી વેલાજી જાતે ઠાકોર ઉવ. ૩૫ રહે. હનુમાનજીના મંદિરની સામે, ટીંબા ઉપર, વેડા ગામ, તા. માણસા, જી. ગાંધીનગર નાને તા.૦૧/૦૯/૨૦૧૮ ના રોજ ઇન્દિરાબ્રિજ પાસે થી હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્રો મો.સા કિં.રૂ,૨૦,૦૦૦/- સાથે ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતે અગાઉ વિજાપુર સેન્ટ ઝેવીયર્સ સ્કુલની સ્કુલવાન મા ડ્રાઇવર તરીકે નોકરી કરતો હતો અને છેલ્લા બે વર્ષથી ખેતી કરે છે અને અગાઉ કોઇ ગુન્હાઓમા પકડાયેલ નથી તેમજ ત્રણેક વર્ષ પહેલા પોતાના ગામમા આવેલ ભંગાર ના ફેરીયા પાસેથી ઉપરોકત સ્પ્લેન્ડર પ્રો મો.સા ખરીદ કરેલ અને આજદિન સુધી પોતે તેનો ઉપયોગ કરતો હોવાનુ જણાવેલ અને કબ્જે લીધેલ મો.સા ના એન્જીન ચેચીસ નંબર ઉપરથી વાહન માલિક નું નામ સરનામુ મેળવી ખાત્રી તપાસ કરતા મો.સા ના માલિક વિજાપુર સેન્ટ ઝેવીયર્સ સ્કુલમા હંગામી શિક્ષક તરીકે નોકરી કરતા હતા અને પોતાનુ સ્પ્લેન્ડર પ્રો મો.સા નો ઉપયોગ કરતા હતા જે મો.સા ત્રણેક વર્ષ પહેલા વિજાપુર સેન્ટ ઝેવીયર્સ સ્કુલ પાસેથી ચોરી થયેલ હોવાનુ જણાવેલ જેથી પકડાયેલ આરોપીને વિજાપુર પોલીસ સ્ટેશન મા સોપવા સારૂ તજવીજ કરવામા આવેલ છે.

**શાહીબાગ પોલીસ સ્ટેશન**

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.અધિ.પો.કમિ.શ્રી, સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમી શ્રી 'એફ' ડીવીઝન સાહેબ ના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ.શ્રી સાહેબની સુચના મુજબ સિવિલ હોસ્પિટલ ખાતે પો.સબ.ઈન્સ.એ.કે.મકવાણા તથા વ્હીકલ સ્કવોડના માણસો સાથે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કોન્સ. વિવેકભાઇ ભીખુભાઇ બ.ન.૩૭૦૯ તથા અ.પો.કો. રાજદિપકુમાર ચતુરભાઈ બ.નં. ૫૭૫૮ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ન્યુ ટ્રોમા સેન્ટરની બાજુમાં આવેલ જન સુવિધા કેન્દ્ર ની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં પૈસા પાનાથી તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતા કુલ-૫ ઈસમોને પકડી લીધેલ જે તમામ ઈસમોની અંગઝડતીમાંથી મળેલ રોકડા રૂ.૧૬,૮૦૦/- તથા દાવના નાણા રૂ.૧૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૫ જેની કિં.રૂ.૧૭,૦૦૦/- તથા ગંજી પાના નંગ-૫૨ કી.રૂ.૦૦/૦૦ ગણી કુલ્લે રૂ.૩૩,૯૫૦/- નો મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી તમામ ઈસમો વિરૂધ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન :**

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૨ સાહેબ તથા નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જે" ડીવીઝન સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન.ડાભીનાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે આપેલ સુચના મુજબ આજરોજ તા.૦૧/૦૯/૨૦૧૮ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા એ.એસ.આઈ. મુકેશભાઇ આણંદભાઇ તથા પો.કો. વિપુલકુમાર વજાભાઈનાઓની ચોકકસ બાતમી આધારે "વટવા ગામ અલામા મસ્જીદ પાસે આવેલ શબાના હાઈટ્સમા મ.નં. સી/૪૦૬ મા પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડ્તા (૧) ડોલીબેન વા/ઓ મહમદ હનીફ મેરાબખાન ડાયમા ઉ.વ.૫૪ રહે. મ.નં.૪૦૬ શબાના ફ્લેટ બીબી તળાવ પાસે વટવા અમદાવાદ શહેર (૨) અમરદીપ સ/ઓ જગન્નાથ ખેરવાડ ઉ.વ. ૨૮ રહે. મ.નં. ૨૦૩/ઈ/૧ ઉમંગ ફ્લેટ ગુજરાત ઓફસેટ સામે વટવા અમદાવાદ શહેર (૩) કેતનભાઈ ઠાકરશીભાઈ કડીયા ઉ.વ.૩૫ રહે. શ્રીરામ વાટીકા મ.નં.બી/૨૦૨ સ્વામીનારાયણ પાર્ક પાસે કઠવાડા રોડ નરોડા અમદાવાદ શહેર (૪) દક્ષાબેન ઉર્ફે ભાવનાબેન વા/ઓ મોહનભાઈ રામજીભાઈ પ્રજાપતી ઉ.વ.૫૫ રહે. સંતોશીનગરની ચાલી ગેલેક્ષી પાસે ચિલોડા રોડ નરોડા અમદાવાદ શહેર (૫) રેખાબેન વા/ઓ જશવંતભાઈ ચિનુભાઈ પટેલ ઉ.વ.૫૨ રહે. મ.નં. ૩ અક્ષરધામ બંગલોઝ સરકારી ટ્યુબવેલ પાસે બોપલ અમદાવાદ શહેર (૬) સોનલબેન વા/ઓ કિરીટભાઈ ચિનુભાઈ પટેલ ઉ.વ.૪૫ રહે. મ.નં.૩ અક્ષરધામ બંગલોઝ સરકારી ટ્યુબવેલ પાસે બોપલ અમદાવાદ શહેર (૭) હર્ષીદાબેન વા/ઓ કમલભાઈ ગજેન્દ્રભાઈ પાઠક ઉ.વ.૪૮ રહે. મ.નં.ડી/૯૬ લક્ષ્મીનગર સોસાયટી નિકોલ રોડ નરોડા અમદાવાદ શહેર (૮) મંજુલાબેન કાંતીભાઈ પટેલ ઉ.વ.૬૨ રહે.મ.નં.ડી/૨ અક્ષરધામ સોસાયટી અંબિકા બસ સ્ટેશન સામે રાણીપ અમદાવાદ શહેર (૯) સાજીદાબેન કમાલુદ્દીન બાબી ઉ.વ.૫૫ રહે. મ.નં.૪૦૬ શબાના ફ્લેટ બીબી તળાવ પાસે વટવા અમદાવાદ શહેરનાઓને આજરોજ તા:૦૧/૦૯/૨૦૧૮ ના કલાક ૨૩/૧૫ વાગે કુલ્લે રોકડા રૂ.૧,૦૫,૦૦૦/- તથા ગંજી પાના નંગ ૧૦૪ તથા ત્રણ અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન કિ.રૂ.૮૫૦૦/- ગણી કુલ્લે રૂ.૧,૧૩,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.તા- ૦૧/૦૯/૨૦૧૮

**રાણીપ પોલીસ સ્ટેશન**

રાણીપ પો. સ્ટે. દ્વારા પ્રોહીબીશનની પ્રવુત્તી કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુત્તી સદંતર નેસ્તનાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી.ની પ્રવુત્તી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારુનો જથ્થો રાખી ખાનગીમાં વેચાણ કરતા ઇસમ નામે (૧) જાકીર ઉર્ફે જબ્બુ ઇસ્માઇલભાઇ જાતે શેખ ઉ.વ.૨૧ રહે,મદ્રાસીના છાપરા સેન્ટ્રલજેલ રોડ રાણીપ અમદાવાદ નાને પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નંબર ક્માંક/પીસીબી/ ડીટીએન/ પાસા/૮૦૮/૦૧૮ તા.૦૧/૦૯/૦૧૮ ના હુકમ અન્વયે પાસા હેઠળ અટકાયતમાં લેવાનો અને ખાસ જેલ પાલારા ભુજ ખાતે અટકાયતમાં રહેવા અંગેનો હુકમ અન્વયે સદરીને આજરોજ તા.૦૧/૦૯/૨૦૧૮ ના કલાક ૨૦/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરવામાં આવેલ છે તેમજ (૨) લવકુશ S/O મુકેશભાઇ સાલવી ઉ.વ.૨૧ રહે, ઓઇલ મીલના છાપરા ખેંગારજીનો ટેકરો રાણીપ અમદાવાદ નાને પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નંબર ક્માંક/પીસીબી/ ડીટીએન/ પાસા/૮૦૯/૦૧૮ તા.૦૧/૦૯/૦૧૮ ના હુકમ અન્વયે પાસા હેઠળ અટકાયતમાં લેવાનો અને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે અટકાયતમાં રહેવા અંગેનો હુકમ થયેલ છે સદરીને પાસા અટકાયતમાં લેવા અંગે કરેલ હુકમ અન્વયે તા.૦૧/૦૯/૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરવામાં આવેલ છે સદરી બંન્ને અટકાયતીને જરુરી જાપ્તા (હાથકડી રસ્સી) સાથે જીલ્લાજેલ ભુજ તથા મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે

## નિકોલ પોલીસ સ્ટેશન

**(૧)**

**નિકોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫૬/૧૮ ઇપીકો કલમ ૩૮૦,૪૧૧,૪૧૨,૧૧૪ મુજબના કામે આરોપીઓ કુલ-૪ પકડી ચોરીએ ગયેલ મુદ્દામાલ રીકવર કરતી નિકોલ પોલીસ**

મે અધીક પો કમિશ્નર શ્રી સેક્ટર-ર સાહેબ અમદાવાદ શહેર તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડીવીઝન સા નાઓએ મીલ્કત સબંધી બનતા ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ જે અનુસંધાને પો.ઇન્સ.શ્રી એચ.બી.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એસ.વી.પટેલ તથા અ.હે.કો ગૌતમભાઇ હિરાભાઇ બ.નં.૭૮૪૪ તથા પો.કો.જયદિપસિંહ નારાયણસિંહ બ.નં.૪૯૬૪ તથા અ.વુ હેડ.કોન્સ ગીતાબા નટવરસિંહ બ નં ૫૦૬૫ તથા પો.કો મહાવીરસિંહ સાહેબસિંહ બ.નં-૫૭૭૨ તથા લો.ર હિતેષકુમાર રામજીભાઇ બ નં-૫૮૮ તથા પી.સી જીતેન્દ્રસિંહ હરિસિંહ બ.નં-૧૦૩૮૮ તથા પો.કો. અરવીંદભાઇ મણીભાઇ બ.નં.૯૮૦૧ તથા વુ.લો.ર હિનાબેન ખોડિદાસભાઇ બ.નં-૧૦૫૬ર તથા બીજા સ્ટાફ ના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીગ ફરતા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે નિકોલ પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫૬/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૩૮૦,૪૧૧,૪૧૨,૧૧૪ મુજબનો ગુન્હો કરેલ ઇસમો (૧) ભલાભાઇ જેસંગભાઇ જાતે-ડાભી ઉ.વ-૩૮ધંધો-નોકરી રહેવાસી-ગામ-બગડોલ તા:કઠલાલ જીલ્લો-ખેડાતથા નં (ર)રામપુણવાસી શ્રીસિતાબલાલ જાતે-યાદવ ઉ.વ-૩૬ રહેવાસી-સત્યમસાગર ટેનામેન્ટ મ.નં-એ/૩૪ નિલકંઠ સોસાયટીની સામે બિજોલ રોડ વટવા અમદાવાદ શહેર (મુળગામ) ગામ-મદારીચક તા:દરોદા જીલ્લો-સીવાન (બિહાર) તથા નં (૩) રતનલાલ ડઉજીભાઇ જાતે-ગુજ્જર ઉ.વ-ર૮ રહે-હોટલ સુર્યા પેલેસની સામે નાનાચિલોડા અમદાવાદ શહેર (મુળ વતન)ગામ-ગોરખ્યા તા:માંડલ જી-ભીલવાડા રાજસ્થાન તથા નં (૪) શંકરલાલ કુંદલમલ જાતે-જૈન(વાણીયા) રહે-સી/ર૦૪ પુષ્પક રેસીડન્સી આદિનાથનગર ઓઢવ અમદાવાદ શહેર (મુળ ગામ) ગામ-બરાર તા:ભીમ જીલ્લો-રાજસમન્દ (રાજસ્થાન) નાઓને પકડી ગુનાના કામે ચોરીએ ગયેલ એલ્યુમીનીયમની પ્લેટો ર૫૦ કિ.ગ્રા. વજનની કિમત રૂપીયા ૩૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ગુનાનો ભેદ ઉકેલી સારી કામગીરી કરેલ છે.

**(ર)**

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-ર સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી કરતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા અ.હેડ.કોન્સ જામસિંહ રણુભા બ.નં-૭૫૦૪ તથા અ.પો.કોંન્સ મહાવીરસિંહ સાહેબસિંહ બ.નં ૫૭૭ર તથા અ પો કોંન્સ અરવિંદભાઇ મણીભાઇ બ.નં ૯૮૦૧ નાઓને પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત મળેલ કે એક મારૂતી સુઝુકી ઇકો નંબર-GJ-01-ET-5881 નાનીમાં કેટલોક ગેરકાયદેસર ઇગ્લીશદારૂનો જથ્થો રાખેલ છે અને તેનો ચાલક કઠવાડા તરફ જવાનો છે જે બાતમી આધારે કઠવાડા ટેબલી હનુમાન મંદિર સામે પરઢોલ તરફ આવતા જતા રોડ ઉપર છુટાછવાયા વોચમાં હાજર હતા દરમ્યાન ઉપરોક્ત ગાડીનો ચાલક ગાડી લઇ આવેલ અને પોલીસને દુરથી જોઇ જતા પોતાની ગાડી રોડ ઉપર ઉભી કરી ખેતરોમાં અંધારાનો લાભ લઇ ભાગી ગયેલ જેનો પીછો કરતા મળી આવેલ નહી અને ગાડીમાં તપાસ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારુ કવાટર બોટલ નંગ-૧૯ર કિ.રૂ.ર૮,૮૦૦/-તથા ભારતીય વિદેશી બનાવટના બીયર નંગ-૪૮ કિ.રૂ.૭ર૦૦/-તથા મારુતી સુઝુકી ઈક્કો આર.ટી.ઓ નંબર GJ-01 ET-5881 ની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- જે તમામ મુદ્દામાલ મળી કુલ્લે કિ.રૂ.૩,૩૬,૦૦૦/- નો કબજે કરી પ્રશનીય કામગીરી કરેલ છે

**<u>રામોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>ગણતરીના કલાકોમાં લુટનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ</u>

## <u>સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન તથા એક્ટીવા સાથે બે ઈસમો ઝડપાયા</u>

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૩૧/૦૮/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના હે.કો વિજયસિંહ પર્વતસિંહ નાઓની બાતમી આધારે સીટીએમ ચાર રસ્તા ખાતે જાહેરમા આરોપી નં.(૧) <u>મોહમંદ રફીક ઉર્ફે બટકો નિઝામભાઈ શેખ</u> ઉવ:૩૩ રહે:ખાનવાડી મુર્ગા ફાર્મની સામે ઝુબેરખાનની ચાલીના કાચા છાપરામાં રામોલ અમદાવાદ શહેર તથા નં.(૨) <u>રફીક ઉર્ફે કાલીયા સ/ઓ સાજીદખાન મોહમદહુશેન પઠાણ</u> ઉવ:૨૩ રહે:૬૫ મદનીનગર જનતાનગરની પાસે રામોલ રોડ અમદાવાદ શહેર નાઓને રામોલ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૫૨/૧૮ ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબના કામે લુટમા ગયેલ સેમસંગ જે-૫ મોબાઈલ ફોન કીમત રૂપીયા ૫૦૦૦/- તથા એક્ટીવા મળી કુલ્લે રૂપીયા ૪૦૦૦૦/- ના મુદ્દામલ સાથે પકડી ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા:૩૧/૦૮/૧૮ ના કલાક ૧૬/૩૦ વાગ્યે અટક કરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.